pennsylvania
DEPARTMENT OF TRANSPORTATION

PUB 195US (9-23) Gujarati

# યુ.એસ.ના નાગરિકો માટે ઓળખ અને નિવાસની આવશ્યક્તાઓ

સુરક્ષિત રીતે ઓળખના ક્રિડેન્શિયલ જારી કરવાના સુદૃઢ રાષ્ટ્રીય પ્રયત્નના ભાગરૂપે પેન્સિલવેનિયાના ડ્રાઇવરના લાઇસન્સ માટે અરજી કરનારા રિક શીખનારની પરમિટ અથવા ઓળખ (ID) કાર્ડ માટે અરજી કરનારા યુ.એસ.ના નાગરિકો અથવા યુ.એસ.નાગરિકો કે જેઓ રાજ્ય બહાર ડ્રાઇવરનું લાઇસન્સ કે ઓળખ કાર્ડ ટ્રાન્સફર કરતા હોય તેમને નીચેના દસ્તાવેજોની જરૂર પડે છે.

**કૃપા કરીને નોંધ લેશો: જો તમે REAL ID પ્રોડક્ટ માટે અરજી કરી રહ્યા હોવ, તો વધુ માહિતી માટે કૃપા કરીને PennDOTની વેબસાઇટ https://www.dmv.pa.gov/REALID પર આપેલ REAL ID દસ્તાવેજની તપાસ યાદીનો સંદર્ભ સાધો.**

## યુ.એસ.ના નાગરિકો માટે વયની આવશ્યક્તાઓ

નોન-કોમર્શિયલ ડ્રાઇવરના લાઇસન્સ માટે અરજી કરનારા લોકોની વય ઓછામાં ઓછી 16 વર્ષ હોવી જરૂરી છે.

ઓળખ (ID) કાર્ડ માટે અરજી કરનારા લોકોની વય ઓછામાં ઓછી 10 વર્ષ હોવી જરૂરી છે.

નોન-કોમર્શિયલ ડ્રાઇવરનું લાઇસન્સ ટ્રાન્સફર કરનાર લોકોની વય ઓછામાં ઓછી 16 1/2 વર્ષ હોવી જરૂરી છે.

પેન્સિલવેનિયાના શીખનારની પરમિટ માટે અરજી કરનારા લોકોની વય ઓછામાં ઓછી 16 વર્ષ હોવી જરૂરી છે.

રાજ્ય બહારના શીખનારની પરમિટને પેન્સિલવેનિયામાં ટ્રાન્સફર કરી શકાતી નથી.

કોમર્શિયલ ડ્રાઇવરનું લાઇસન્સ ટ્રાન્સફર કરવાની અરજી કરનારા લોકોની રાજ્યની અંદર ડ્રાઇવિંગ કરવા માટે ઓછામાં ઓછી વય 18 વર્ષ અથવા રાજ્યો વચ્ચે ડ્રાઇવિંગ કરવા માટે ઓછામાં ઓછી વય 21 વર્ષ હોવી જરૂરી છે.

## પેન્સિલવેનિયાના નિવાસીઓ

જો તમારી વય 18 વર્ષ કરતાં ઓછી હોય અને તમે પેન્સિલવેનિયાના નિવાસી હોવ, તો તમને આ બતાવવાની જરૂર પડશે:

- ❑ યાદી Aમાંથી ઓળખનું એક ફોર્મ અને
- ❑ તમારું સામાજિક સુરક્ષા કાર્ડ.

જો તમારી વય 18 વર્ષ કે તેથી વધુ હોય અને તમે પેન્સિલવેનિયાના નિવાસી હોવ, તો તમને આ બતાવવાની જરૂર પડશે:

- ❑ યાદી Aમાંથી ઓળખનું એક ફોર્મ,
- ❑ યાદી Bમાંથી નિવાસી તરીકેના પુરાવા તરીકેના બે ફોર્મ અને
- ❑ તમારું સામાજિક સુરક્ષા કાર્ડ.

## પેન્સિલવેનિયાના નવા નિવાસીઓ

યુનાઇટેડ સ્ટેટ્સના બીજા રાજ્યમાં માન્ય લાઇસન્સ ધરાવતા પેન્સિલવેનિયાના નવા નિવાસીઓએ પેન્સિલવેનિયામાં આવી ગયા પછી 60 દિવસની અંદર પેન્સિલવેનિયાનું ડ્રાઇવરનું લાઇસન્સ મેળવવું અને તેનું રાજ્ય બહારનું લાઇસન્સ અને/અથવા ઓળખ કાર્ડ સોંપી દેવું જરૂરી છે.

જો તમે પેન્સિલવેનિયાના નવા નિવાસી છો અને તમારું અગાઉના રાજ્યનું ડ્રાઇવરનું લાઇસન્સ છ મહિના કરતાં વધુ સમયથી એક્સપાયર થઇ ગયું છે અથવા જો તમે અગાઉના રાજ્યનું ડ્રાઇવરનું લાઇસન્સ ધરાવતા નથી, તો તમને પેન્સિલવેનિયાના શીખનારની પરમિટ માટે અરજી કરવાની અને દૃષ્ટિ, જ્ઞાન તથા માર્ગ કસોટી આપવાની જરૂર પડશે.

પ્યુઅર્ટો રિકો અથવા યુ.એસ.ના પ્રદેશ કે કબજાનું ડ્રાઇવરનું માન્ય લાઇસન્સ ધરાવરનાર પેન્સિલવેનિયાના નવા નિવાસીઓ તેમના ડ્રાઇવરના માન્ય લાઇસન્સને પેન્સિલવેનિયાના નોન-કોમર્શિયલ ડ્રાઇવરના લાઇસન્સ તરીકે ટ્રાન્સફર કરી શકે છે.

યુનાઇટેડ સ્ટેટ્સના અન્ય રાજ્યનું માન્ય કોમર્શિયલ ડ્રાઇવરનું લાઇસન્સ (CDL) ધરાવતા પેન્સિલવેનિયાના નવા નિવાસીઓ તેમના CDLને PA CDLમાં ટ્રાન્સફર કરી શકે છે.

જો તમારી વય 18 વર્ષ કરતાં ઓછી હોય અને તમે પેન્સિલવેનિયામાં નવા નિવાસી છો, તો તમારે આ બતાવવું પડશે:

- ❑ યાદી Aમાંથી ઓળખનું એક ફોર્મ,
- ❑ તમારું સામાજિક સુરક્ષા કાર્ડ અને
- ❑ તમારું રાજ્ય બહારનું ડ્રાઈવરનું લાઇસન્સ અને/અથવા ઓળખ કાર્ડ.

જો તમારી વય 18 વર્ષ કે તેથી વધુ હોય અને તમે પેન્સિલવેનિયામાં નવા નિવાસી છો, તો તમારે આ બતાવવું પડશે:

- ❑ યાદી Aમાંથી ઓળખનું એક ફોર્મ,
- ❑ યાદી Bમાંથી નિવાસી તરીકેના પુરાવાના બે ફોર્મ,
- ❑ તમારું સામાજિક સુરક્ષા કાર્ડ અને
- ❑ તમારું રાજ્ય બહારનું ડ્રાઈવરનું લાઇસન્સ અને/અથવા ઓળખ કાર્ડ.

## <u>યાદી A:</u>

## યુ.એસ. નાગરિકો માટેના ઓળખના સ્વીકાર્ય ફોર્મ:

- ❑ ઉભરતા સિક્કાવાળું જન્મનું પ્રમાણપત્ર *(યુ.એસ.ના પ્રદેશો અથવા પ્યુઅર્ટો રિકો સહિત અધિકૃત સરકારી એજન્સીએ યુ.એસ.માં જારી કરેલું. બિન-યુ.એસ. જન્મના પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.) **નોંધ:** પ્યુઅર્ટો રિકોના જન્મના પ્રમાણપત્રો સ્વીકાર્ય થવા માટે તેમાં 7/1/10 કે તે પછીની તારીખ હોવી જરૂરી છે.*
  - *જો તમારા જન્મના પ્રમાણપત્રમાં એવી ભાષા સામેલ કરવામાં આવી હોય કે જન્મના રેકર્ડ યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક તરીકેનો પુરાવો નથી, તો વધારાના દસ્તાવેજોની જરૂર પડી શકે છે.*
- ❑ યુ.એસ.ની નાગરિકતાનું પ્રમાણપત્ર (USCIS ફોર્મ N-560 અથવા N-561)
- ❑ વિદેશમાં જન્મ થયો હોવાનો કૉન્સ્યુલરનો અહેવાલ (DOS ફોર્મ FS-240)
- ❑ નેચરલાઇઝેશનનું પ્રમાણપત્ર (USCIS ફોર્મ N-550 or N-570)
- ❑ યુ.એસ.નો માન્ય પાસપોર્ટ

***નોંધ:*** ***માત્ર માન્ય પાસપોર્ટ અને અસલ દસ્તાવેજો જ સ્વીકાર્ય છે. જો તમારા અસલ દસ્તાવેજ પરનું નામ તમારા હાલના નામ કરતાં અલગ પડે, તો તમારે એવો દસ્તાવેજ પૂરો પાડવો જરૂરી છે કે જે આ નામ વચ્ચે જોડાણ બનાવે, જેમ કે અસલ લગ્નનું પ્રમાણપત્ર , છૂટાછેડાનું હુકમનામું, અથવા કોર્ટના આદેશવાળો દસ્તાવેજ.***

## <u>યાદી B:</u>

**18 કે તથી વધુ વયના અરજદારો માટે નિવાસીના સ્વીકાર્ય પુરાવાની યાદી: નિવાસી તરીકેના દસ્તાવેજી પુરાવાઓમાં તમારું નામ અને પેન્સિલવેનિયાની શેરીનું અધિકૃત સરનામું હોવું જરૂરી છે.**

- USPS, UPS, FedEx વગેરે દ્વારા પોસ્ટ માર્કવાળા પત્ર/પેકેજનાં લેબલ.
- W-2 ફોર્મ/પગાર પત્રક
- ભાડા કરારો અથવા ગીરવે મૂકવાના દસ્તાવેજો
- હાલનું નામ અને સરનામું દર્શાવતા અધિકૃત રેકોર્ડ
- હાલનું, એક્સપાયર ન થયેલું PAનું લાઇસન્સ અથવા ફોટો ઓળખ કાર્ડ
- PAનું વાહન નોંધણીનું કાર્ડ
- ઓટો ઇન્સ્યુરન્સ કાર્ડ
- તમારું નામ અને સરનામું દર્શાવતું કમ્પ્યૂટર દ્વારા જનરેટ થયેલું સેવાઓનું બિલ (સેલફોન, કેબલ, ઇલેક્ટ્રિક, ગેસ)

***નોંધ:*** *જો તમે બીજા કોઈની સાથે રહેતા હોવ અને તમારા નામથી કોઈ બિલ ન હોય, તો પણ તમારે નિવાસના બે પુરાવા આપવાની જરૂર રહેશે. એક પુરાવા તરીકે તમે જે વ્યક્તિની સાથે રહો છો, તેને તેમના ડ્રાઈવરના લાઇસન્સ અથવા ફોટો ઓળખ કાર્ડ સાથે ડ્રાઈવરના લાઇસન્સ કેન્દ્ર પર લાવો. તમારે નિવાસનો બીજો પુરાવો આપવાની પણ જરૂર રહશે, જેમ કે USPS, UPS, FedEx વગેરે મારફત પોસ્ટ માર્કવાળી ટપાલ/પેકેજનાં લેબલ કે જેના પર તમારું નામ અને સરનામું હોય. તમે જે વ્યક્તિ સાથે રહેતા હોવ, તેના સરનામા સાથે તમારું સરનામું મેળ ખાવું જરૂરી છે.*

## <u>કૃપા કરીને નોંધ લેશો</u>

બધા જ દસ્તાવેજોમાં સરખું નામ અને જન્મ તારીખ હોવી જરૂરી છે અથવા દસ્તાવેજો પરની માહિતી વચ્ચે જોડાણ હોવું જરૂરી છે. જો દસ્તાવેજો વચ્ચેનું જોડાણ ન જોવા મળતું હોય, તો વધારાના દસ્તાવેજોની જરૂર પડી શકે છે (દા.ત. લગ્નનું પ્રમાણપત્ર, નામ બદલ્યાનો કોર્ટનો આદેશ, છૂટાછેડાનું હુકમનામું વગેરે)